# A Comparative Study Of Professionalism Of Primary And Secondary School Teachers

**Dr. Manahar Thaker[1] and Rushi Joshi[2]**

1. Principal, Shree G. H. Sanghvi Shikshan Mahavidyalaya, Bhavnagar-364002.
2. Ph.D. Student, Shree G. H. Sanghvi Shikshan Mahavidyalaya, Bhavnagar-364002.

Received June 05, 2014. Accepted August 10, 2014.

**ABSTRACT** શિક્ષકોને અપાય રહેલી સ્વાયત્તતાને કારણે આજે શિક્ષકની વ્યાવસાયિકતા એ શિક્ષણનું સૌથી પ્રભાવશાળી પાસું બની રહયું છે. પ્રસ્તુત અભ્યાસનો મુખ્ય હેતું જાતીયતા, વિસ્તાર, શૈક્ષણિક અનુભવ, શાળાનો પ્રકાર, શૈક્ષણિક લાયકાત, શાળાનો વિભાગ વિવિધ ચલોના સંદર્ભે પ્રાથમિક અને માધ્યમિક શાળામાં કાર્યરત શિક્ષકોનીવ્યાવસાયિકતાનું માપન કરવાનો તેમજ આ બન્નેનો તુલનાત્મક અભ્યાસ કારવાનો હતો. આ અભ્યાસ સર્વેક્ષણ પ્રકારે કરવામાં આવ્યો હતો. માહિતીનાં એકત્રીકરણ માટે શિક્ષક વ્યાવસાયિકતા માપદંડ રચવામાં આવ્યો હતો. પ્રાપ્ત માહિતીનું આંકડાશાસ્ત્રીય પદ્ધતિઓમાં સંખ્યાત્મક રીતે વિશ્લેષણ કરવામાં આવ્યું. વ્યાવસાયિકતા માપદંડ પર શિક્ષકોએ મેળવેલ પ્રાપ્તાંકોના વિશ્લેષણ માટે સરાસરી, પ્રમાણવિચલન, કકુદતા, વિરૂપતા, આવૃત્તિ બહુકોણ, ક્રાંતિક ગુણોત્તર અને એફ–ગુણોત્તર જેવી અંકશાસ્ત્રીય ગણતરીઓ કરવામાં આવી હતી. પ્રપ્ત તારણોમાં ભાવનગર જિલ્લાની પ્રાથમિક અને માધ્યમિક શાળાના શિક્ષકોમાં વ્યાવસાયિકતા સારા પ્રમાણમાં જોવા મળી હતી.

***Key words*** : શિક્ષકની વ્યાવસાયિકતા. વ્યાવસાયિકતાનો તુલનાત્મક અભ્યાસ.

## ભૂમિકા

શિક્ષણ એ સમાજને જ્ઞાન અને સમજ આપનારું ક્ષેત્ર છે. શરૂઆતના સમયમાં આર્થિક બાબતો અને સુવિધાઓ આ ક્ષેત્ર માટે ગૌણ બાબતો હતી. પરંતુ પસાર થતા સમયની સાથે સાથે માનવ જીવનમાં અનેક સામાજિક, આર્થિક અને તક્નિકી ફેરફારો આવ્યા જેની સીધી અસર શિક્ષણ પર થઈ (કલાર્ક, ૧૯૯૦). આ ફેરફારો સાથે શિક્ષણ તંત્રના વિકાસ માટે અનેક સરકારી અને બિનસરકારી સંસ્થાઓની સ્થાપના થઈ. આ સરકારી અને ખાનગી શૈક્ષણિક સંસ્થાઓ વચ્ચેની સ્પર્ધા અને વ્યાપારીકરણને કારણે શિક્ષણમાં પણ વ્યાવસાયિકતાનો ખ્યાલ અસ્તિત્વમાં આવ્યો.

અંબાસણા (૨૦૦૯)ના મતે વ્યાવસાયિકતા એટલે એક અભિગમ કે જેમાં કોઈ વ્યકિત કોઈ ચોકકસ વ્યવસાયમાં પોતાના કાર્યબળ, જ્ઞાન, શૈક્ષણિક વિકાસ, પરિધાન, વિષયવસ્તુમાં નિપુણતા અને વ્યવહાર દ્વારા પોતાના માટે અને અન્ય માટે સીમારેખા નિશ્ચિત કરે છે. સરળ શબ્દોમાં કહીએ તો વ્યકિતનું પોતાના વ્યવસાય માટેનું કૌશલ્ય કે ગુણવત્તા. કોઈપણ ક્ષેત્રના વ્યવસાયિક માટે શિક્ષણ,

અનુભવ, કાર્ય પ્રશિક્ષણ, વિશ્લેષણ, અને સમસ્યા ઉકેલની ક્ષમતા તેમજ સચોટ નિર્ણયો ઉપયોગી બને છે. વ્યવસાયિકતા એ માત્ર સ્વ ઓળખ માટેનો અભિગમ નથી, પરંતુ વ્યકિતગત નીતિમત્તા અને ગુણવત્તાયુકત કાર્ય પ્રત્યેનો એક શ્રેષ્ઠ અભિગમ છે. વ્યાવસાયિકતાની જાળવણી માટે વ્યકિતએ પોતાના ઉચ્ચતમ સ્તરને જાળવવું જરૂરી બને છે (કુક, ૨૦૦૦). જયારે કોઈ વ્યકિત એક સાચા વ્યાવસાયિક તરીકે ઓળખાય છે ત્યારે તે પોતાની આસપાસના લોકોનો વિશ્વાસ અને આદર મેળવે છે. વ્યાવસાયિકતાના વિકાસથી વ્યકિતનું પોતાનું સ્વમાન પણ વધે છે.

એક શિક્ષકની વ્યાવસાયિકતાને શિક્ષણ સાથે સાર્થક અને મહત્વપૂર્ણ સંબંધ છે. કારણ કે તે શિક્ષકની ભૂમિકા અને તેના અધ્યાપનશાસ્ત્ર પર અસર કરે છે કે જે વળતરમાં વિદ્યાર્થીને અસરકારક રીતે શીખવા માટેની ક્ષમતા પર અસર કરે છે. હેન્રી બ્રુકસ (૧૯૯૮)ના મતે એક શિક્ષક વિદ્યાર્થીના સમગ્ર જીવનને અસર કરે છે. અને તેના આ પ્રભાવની અસર કયારે અટકશે તે તો એ શિક્ષક પણ નથી જાણતો. શિક્ષકની વ્યાવસાયિકતા મુખ્ય ત્રણ બાબતો પર આધાર રાખે છે : વ્યાવસાયિક જ્ઞાન અને સમજણ, વ્યાવસાયિક મૂલ્યો અને જવાબદારી, વ્યાવસાયિક કૌશલ્યો અને ક્ષમતાઓ. જેના અંતર્ગત નીતિમત્તા, ભાષા, મૂલ્યો, પ્રામાણિકતા, સ્વયંશિસ્ત, પ્રતિનિધિત્વ, અનાત્મલક્ષીતા, વિષયમાં નિપુણતા, યોગ્ય વ્યવહાર વગેરે લક્ષણોનો સમાવેશ થાય છે. શિક્ષકની વ્યાવસાયિકતાનો સીધો સંબંધ તેના વિદ્યાર્થીની ક્ષમતાઓના વિકાસ સાથે હોવા છતાં તે શાળા સાથે જોડાયેલા તમામ વ્યકિતઓ જેમ કે સાથી શિક્ષકો, આચાર્ય, સંચાલક મંડળ, વ્યવસ્થાપન સમિતિ અને વાલીઓ સાથેના વ્યવહાર અને સંબંધો પર અસર કરે છે. શિક્ષકોને અપાય રહેલી સ્વાયત્તતાને કારણે આજે શિક્ષકની વ્યાવસાયિકતા એ શિક્ષણનું સૌથી પ્રભાવશાળી પાસું બની રહયું છે. આંતરરાષ્ટ્રીય કક્ષાએ શિક્ષકની વ્યાવસાયિકતા અને તેના વિકાસ માટે અનેક સંશોધનો થયેલા છે પરંતુ ભારતમાં અને ખાસ ગુજરાતમાં આ વિષય પર ઓછા સંશોધનો જોવા મળ્યા છે. જેથી અભ્યાસક દ્વારા પ્રસ્તુત વિષય પર સંશોધનકાર્ય કરવા માટે સંબંધિત ક્ષેત્ર અને અભ્યાસોના વાંચન પછી આ અભ્યાસની સમસ્યા નીચે પ્રમાણે શબ્દબદ્ધ કરવામાં આવી.

**પ્રાથમિક અને માધ્યમિક શાળાના શિક્ષકોની વ્યાવસાયિકતાનો તુલનાત્મક અભ્યાસ**

**A Comparative Study Of Professionalism Of Primary And Secondary School Teachers**

**શબ્દોની વ્યવહારુ વ્યાખ્યાઓ**

**પ્રાથમિક શાળાના શિક્ષકો.** ભાવનગર શહેર અને જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં કાર્યરત શિક્ષકો.

**માધ્યમિક શાળાના શિક્ષકો.** ભાવનગર શહેર અને જિલ્લાની માધ્યમિક શાળાઓમાં કાર્યરત શિક્ષકો.

**શિક્ષકોની વ્યાવસાયિકતા.** પ્રસ્તુત અભ્યાસમાં પ્રયોજાયેલ શિક્ષકોની વ્યાવસાયિકતાનું માપન કરતા માપદંડ પર શિક્ષકે મેળવેલ પ્રાપ્તાંક.

**તુલનાત્મક અભ્યાસ.** અભ્યાસ હેઠળના શિક્ષકોના વ્યાવસાયિકતા માપદંડ પરના સરેરાશાંકોના આધારે પ્રાથમિક અને માધ્યમિક શાળાના શિક્ષકોની વ્યાવસાયિકતાની વિવિધ ચલોના સંદર્ભે તુલના.

## અભ્યાસના હેતુઓ

પ્રસ્તુત અભ્યાસના હેતુઓ નીચે મુજબના હતા.

૧. શિક્ષકોની વ્યાવસાયિકતાના માપન માટે વ્યાવસાયિકતા માપદંડની રચના કરી તેની વિશ્વસનીયતા અને પ્રમાણભૂતતા પ્રસ્થાપિત કરવી.

૨. પ્રાથમિક અને માધ્યમિક શાળાના શિક્ષકોની વ્યાવસાયિકતાનું માપન કરવું.

૩. પ્રાથમિક અને માધ્યમિક શાળાના શિક્ષકોની વ્યાવસાયિકતાની તુલના કરવી.

૪. પ્રાથમિક શાળાના શિક્ષકોની વ્યાવસાયિકતાનો તેમની જાતીયતાના સંદર્ભે અભ્યાસ કરવો.

૫. માધ્યમિક શાળાના શિક્ષકોની વ્યાવસાયિકતાનો તેમની જાતીયતાના સંદર્ભે અભ્યાસ કરવો.

૬. પ્રાથમિક અને માધ્યમિક શાળાના શિક્ષકોની જાતીયતાના સંદર્ભે તુલના કરવી.

૭. વિસ્તારના સંદર્ભે પ્રાથમિક શાળાના શિક્ષકોની વ્યાવસાયિકતાનો અભ્યાસ કરવો.

૮. વિસ્તારના સંદર્ભે માધ્યમિક શાળાના શિક્ષકોની વ્યાવસાયિકતાનો અભ્યાસ કરવો.

૯. વિસ્તારના સંદર્ભે પ્રાથમિક અને માધ્યમિક શાળાના શિક્ષકોની વ્યાવસાયિકતાની તુલના કરવી.

૧૦. અનુભવના સંદર્ભે પ્રાથમિક શાળાના શિક્ષકોની વ્યાવસાયિકતા વચ્ચેનો સંબંધ તપાસવો.

૧૧. અનુભવના સંદર્ભે માધ્યમિક શાળાના શિક્ષકોની વ્યાવસાયિકતા વચ્ચેનો સંબંધ તપાસવો.

૧૨. અનુભવના સંદર્ભે પ્રાથમિક અને માધ્યમિક શાળાના શિક્ષકોની વ્યાવસાયિકતાની તુલના કરવી.

૧૩. અનુદાનિત અને ખાનગી પ્રાથમિક શાળાના શિક્ષકોની વ્યાવસાયિકતા વચ્ચેનો સંબંધ તપાસવો.

૧૪. અનુદાનિત અને ખાનગી માધ્યમિક શાળાના શિક્ષકોની વ્યાવસાયિકતા વચ્ચેનો સંબંધ તપાસવો.

૧૫. અનુદાનિત અને ખાનગી પ્રાથમિક અને માધ્યમિક શાળાના શિક્ષકોની વ્યાવસાયિકતાની તુલના કરવી.

૧૬. શૈક્ષણિક લાયકાતના સંદર્ભે પ્રાથમિક શાળાના શિક્ષકોની વ્યાવસાયિકતા વચ્ચેનો સંબંધ તપાસવો.

૧૭. શૈક્ષણિક લાયકાતના સંદર્ભે માધ્યમિક શાળાના શિક્ષકોની વ્યાવસાયિકતા વચ્ચેનો સંબંધ તપાસવો.

૧૮. શૈક્ષણિક લાયકાતના સંદર્ભે પ્રાથમિક અને માધ્યમિક શાળાના શિક્ષકોની વ્યાવસાયિકતાની તુલના કરવી.

**અભ્યાસની ઉત્કલ્પનાઓ**

પ્રસ્તુત અભ્યાસ માટે નિમ્નલિખિત શૂન્ય ઉત્કલ્પનાઓ રચવામાં આવી હતી.

૧. પ્રાથમિક અને માધ્યમિક શાળાના શિક્ષકોના વ્યાવસાયિકતા માપદંડ પરના સરેરાશાંકોમાં અર્થસૂચક તફાવત નહીં હોય.

૨. જાતીયતાના સંદર્ભે પ્રાથમિક શાળાના શિક્ષકોના વ્યાવસાયિકતા માપદંડ પરના સરેરાશાંકોમાં સાર્થક તફાવત નહીં હોય.

૩. જાતીયતાના સંદર્ભે માધ્યમિક શાળાના શિક્ષકોના વ્યાવસાયિકતા માપદંડ પરના સરેરાશાંકોમાં સાર્થક તફાવત નહીં હોય.

૪. જાતીયતાના સંદર્ભે પ્રાથમિક અને માધ્યમિક શાળાના શિક્ષકોના વ્યાવસાયિકતા માપદંડ પરના સરેરાશાંકોમાં સાર્થક તફાવત નહીં હોય.

૫. વિસ્તારના સંદર્ભે પ્રાથમિક શાળાના શિક્ષકોના વ્યાવસાયિકતા માપદંડ પરના સરેરાશાંકોમાં અર્થસૂચક તફાવત નહીં હોય.

૬. વિસ્તારના સંદર્ભે માધ્યમિક શાળાના શિક્ષકોના વ્યાવસાયિકતા માપદંડ પરના સરેરાશાંકોમાં અર્થસૂચક તફાવત નહીં હોય.

૭. વિસ્તારના સંદર્ભે પ્રાથમિક અને માધ્યમિક શાળાના શિક્ષકોના વ્યાવસાયિકતા માપદંડ પરના સરેરાશાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

૮. અનુભવના સંદર્ભે પ્રાથમિક શાળાના શિક્ષકોના વ્યાવસાયિકતા માપદંડ પરના સરેરાશાંકોમાં અર્થસૂચક તફાવત નહીં હોય.

૯. અનુભવના સંદર્ભે માધ્યમિક શાળાના શિક્ષકોના વ્યાવસાયિકતા માપદંડ પરના સરેરાશાંકોમાં અર્થસૂચક તફાવત નહીં હોય.

૧૦. અનુભવના સંદર્ભે પ્રાથમિક અને માધ્યમિક શાળાના શિક્ષકોના વ્યાવસાયિકતા માપદંડ

પરના સરેરાશાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

૧૧. અનુદાનિત અને ખાનગી શાળાના સંદર્ભે પ્રાથમિક શાળાના શિક્ષકોના વ્યાવસાયિકતા માપદંડ પરના સરેરાશાંકોમાં અર્થસૂચક તફાવત નહીં હોય.

૧૨. અનુદાનિત અને ખાનગી શાળાના સંદર્ભે માધ્યમિક શાળાના શિક્ષકોના વ્યાવસાયિકતા માપદંડ પરના સરેરાશાંકોમાં અર્થસૂચક તફાવત નહીં હોય.

૧૩. અનુદાનિત અને ખાનગી શાળાના સંદર્ભે પ્રાથમિક અને માધ્યમિક શાળાના શિક્ષકોના વ્યાવસાયિકતા માપદંડ પરના સરેરાશાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

૧૪. શૈક્ષણિક લાયકાતના સંદર્ભે પ્રાથમિક શાળાના શિક્ષકોના વ્યાવસાયિકતા માપદંડ પરના સરેરાશાંકોમાં અર્થસૂચક તફાવત નહીં હોય.

૧૫. શૈક્ષણિક લાયકાતના સંદર્ભે માધ્યમિક શાળાના શિક્ષકોના વ્યાવસાયિકતા માપદંડ પરના સરેરાશાંકોમાં અર્થસૂચક તફાવત નહીં હોય.

૧૬. શૈક્ષણિક લાયકાતના સંદર્ભે પ્રાથમિક અને માધ્યમિક શાળાના શિક્ષકોના વ્યાવસાયિકતા માપદંડ પરના સરેરાશાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

**અભ્યાસના ચલો**

પ્રસ્તુત અભ્યાસમાં જાતીયતા, વિસ્તાર, શૈક્ષણિક અનુભવ, શાળાનો પ્રકાર, શૈક્ષણિક લાયકાત, શાળાનો વિભાગ જેવા સ્વતંત્ર ચલોની શિક્ષકોની વ્યાવસાયિકતા એ પરતંત્ર ચલ પરની અસર તપાસવાનું અભિપ્રેત હતું.

**અભ્યાસનું મહત્વ**

શિક્ષકની વ્યાવસાયિકતાનો સીધો સંબંધ શિક્ષણની ગુણવત્તા સાથે છે. બ્રાઉન (૧૯૯૮)ના મતે વિદ્યાર્થીની અધ્યયન ક્ષમતાઓના વિકાસ માટે શિક્ષકમાં ઉચ્ચતમ વ્યાવસાયિક લક્ષણો હોવા જરૂરી છે. જેથી તે કોઈપણ પ્રકારના અવરોધ વિના વિદ્યાર્થીને તેના વિકાસ માટે માર્ગદર્શન આપી શકે. ૨૧મી સદીમાં જયારે અભ્યાસક્રમો અને કારકિર્દીની ક્ષિતિજોનો વ્યાપ ખૂબ જ વિસ્તાર પામ્યો છે ત્યારે શિક્ષકનું વિષયવસ્તુ પૂરતું મર્યાદિત જ્ઞાન વિદ્યાર્થીની અભ્યાસિક ક્ષમતાઓ અને તેના વિકાસને રુંધી શકે છે. જયારે શિક્ષકના ઉત્તમ વ્યાવસાયિક લક્ષણો વિદ્યાર્થીના વિકાસ માટે તો ઉપયોગી છે જ પરંતુ તેનાથી શિક્ષકને પણ સમાજમાં આદર, સન્માન અને વ્યાવસાયિક કાર્યસંતોષ મળે છે. આથી ગુણવત્તાયુકત શિક્ષણ માટે શિક્ષકની વ્યાવસાયિકતાનું માપન ઉપયોગી બનશે. આ અભ્યાસથી પ્રાથમિક અને માધ્યમિક શાળાના શિક્ષકોની વ્યાવસાયિકતાનું સ્તર જાણવા મળશે. પ્રાથમિક અને માધ્યમિક શાળાના શિક્ષકોના વ્યાવસાયિકતાના સ્તરોની તુલના દ્વારા

તેમની વચ્ચે કોઈ નોંધપાત્ર તફાવત છે કે નહીં તે જાણવા મળશે. જે શિક્ષકોની વ્યાવસાયિકતાનું સ્તર નીચું છે તે શિક્ષકોને વ્યાવસાયિક વિકાસની ભલામણો કરી શકાશે. જેના વડે શિક્ષણના સ્તરને પણ ઊંચું લાવી શકાશે.

વળી, આ અભ્યાસને અંતે ઉપફલશ્રુતિ રૂપે વ્યાવસાયિકતા માપદંડ જેવું અગત્યનું ઉપકરણ ઉપલબ્ધ થશે.

**અભ્યાસની ક્ષેત્ર-મર્યાદા**

પ્રસ્તુત અભ્યાસની ક્ષેત્ર–મર્યાદા નીચે મુજબ હતી.

પ્રસ્તુત સંશોધન માટેનું વ્યાપવિશ્વ ગુજરાત રાજયના ભાવનગર જિલ્લાની પ્રાથમિક અને માઘ્યમિક શાળાના શિક્ષકો પૂરતું મર્યાદિત હતું.

**સંશોધન યોજના**

**ઉપકરણ**

પ્રસ્તુત અભ્યાસમાં કેટલાક ચલોનો અભ્યાસ કરવાનું વિચાર્યુ હતું. તેમાં (૧) શિક્ષકોની જાતીયતા, (૨) શાળાનો વિસ્તાર, (૩) શૈક્ષણિક અનુભવ, (૪) શાળાનો પ્રકાર, (૫) શૈક્ષણિક લાયકાત, અને (૬) શાળાના વિભાગનો સમાવેશ થતો હતો.

આ ચલોની માહિતી માટે સાક્ષ્યપત્રકની રચના કરવાનું વિચારાયું. આ સાક્ષ્યપત્રકનો હેતુ શિક્ષકની વ્યાવસાયિકતા પર અસરની સંભાવના ધરાવતા ઉપરોકત ચલોની માહિતી એકત્ર કરવાનો હતો. શિક્ષકની વ્યાવસાયિકતાના માપદંડની સાથે જ આ પત્રક તૈયાર કરવામાં આવ્યું હતું.

**શિક્ષક વ્યાવસાયિકતા માપદંડ.** આ માપદંડ લિકર્ટ પદ્ધતિએ તૈયાર કરવામાં આવ્યો હતો.જેમાં શિક્ષકની વ્યાવસાયિકતા પર અસર કરતા કુલ ૪ પરિબળો જેવા સંસ્થાનું ભાવાવરણ, પ્રશિક્ષણ, શિક્ષણની નીતિ અને વ્યકિતત્વને લગતા કુલ ૭૮ વિધાનો હતા. આ ૭૮ વિધાનોમાંથી ૩૬ વિધાનો વ્યાવસાયિકતા પ્રત્યે શિક્ષકોના ધન વલણ દર્શાવનારા અને ૪૨ વિધાનો વ્યાવસાયિકતા પ્રત્યેના શિક્ષકોના ઋણ વલણ દર્શાવતા હતા. શિક્ષક વ્યાવસાયિકતા માપદંડની વિશ્વસનીયતા માટેનનો ક્રોનબેક આલ્ફા અંક ૦.૭૭ હતો. આ માપદંડની યથાર્થતા કિલફ્ સાતત્યઅંક અને Z–પ્રાપ્તાંક મેળવી તપાસવામાં આવી હતી. જેમાં કિલફ્ સાતત્ય અંક ૦.૬૭ હતો.

**વ્યાપવિશ્વ**

પ્રસ્તુત અભ્યાસ પ્રાથમિક અને માઘ્યમિક શાળાના શિક્ષકોની વ્યાવસાયિકતાની તુલના અંગેનો હતો. તેથી ૨૦૧૨–૧૩ના શૈક્ષણિક વર્ષમાં ભાવનગર જિલ્લાની પ્રાથમિક અને માઘ્યમિક શાળામાં કાર્યરત તમામ શિક્ષકોનો વ્યાપવિશ્વમાં સમાવેશ કરવામાં આવ્યો હતો.

## નમૂનો

વ્યાપવિશ્વના આધારે પ્રસ્તુત અભ્યાસમાં સ્તરીકૃત યાદચ્છિક ઝૂમખાં નમૂના પસંદગી પદ્ધતિ વડે નમૂના પસંદગી કરવામાં આવી હતી. જે અંતર્ગત ભાવનગર શહેર અને ૧૧ તાલુકાઓ સહિતના કુલ બાર સ્તરો પાડવામાં આવ્યા હતા. આ દરેક સ્તરમાંથી બે સરકારી અને બે ખાનગી પ્રાથમિક શાળાઓ તેમજ બે સરકારી અને બે ખાનગી માધ્યમિક શાળાઓના ઝૂમખાંઓને નમૂના પસંદગી માટે પસંદ કરવામાં આવ્યા. જેથી કુલ ૪૮ પ્રાથમિક શાળાઓ અને ૪૮ માધ્યમિક શાળાઓ પસંદ થઈ. આ ૯૬ શાળાઓના ઝૂમખાંના શિક્ષકોને નમૂના તરીકે પસંદ કરવામાં આવ્યા હતા. જેની કુલ સંખ્યા ૮૯૯ હતી.

## માહિતી એકત્રીકરણ

પ્રસ્તુત અભ્યાસમાં માહિતીનું એકત્રીકરણ નીચે મુજબ કરવામાં આવ્યું હતું.

## વ્યાપવિશ્વની માહિતી

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકરી કચેરી, ભાવનગર તથા જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, ભાવનગર પાસેથી ભાવનગર પાસેથી ભાવનગર જિલ્લાના ૧૧ તાલુકાઓ અને ભાવનગર શહેરની તમામ પ્રાથમિક અને માધ્યમિક શાળાના શિક્ષકોની યાદી મેળવી વ્યાપવિશ્વની માહિતી પ્રાપ્ત કરવામાં આવી હતી.

## વ્યાપવિશ્વના પાત્રો સંબંધી કેટલીક જરૂરી માહિતી

પ્રસ્તુત અભ્યાસમાં પ્રાથમિક અને માધ્યમિક શાળાના શિક્ષકોની વ્યાવસાયિકતા પર અસર કરતા કેટલાક ચલો જેવાં કે જાતીયતા, વિસ્તાર, અનુભવ, શાળાનો પ્રકાર અને શૈક્ષણિક લાયકાત સંબંધી માહિતી ઉપકરણના પહેલા પૃષ્ઠ પર માગવામાં આવી હતી. આ માહિતી ઉપકરણમાં પ્રતિચાર આપતી વખતે જ ભરાવવામાં આવી હતી.

## શિક્ષકની વ્યાવસાયિકતાના માપન અંગેની માહિતી

આ માહિતીની પ્રાપ્તિ માટે અભ્યાસક દ્વારા શિક્ષક વ્યાવસાયિકતા માપદંડની રચના કરવામાં આવી અને તેના પર વ્યાપવિશ્વમાંથી નમૂના રૂપે નિશ્ચિત કરાયેલ શાળાના શિક્ષકોના પ્રતિચારો મેળવવામાં આવ્યા. આ માટે અભ્યાસકે સ્વયં નિશ્ચિત શાળાઓની મુલાકાત લઈ શિક્ષકોને પ્રસ્તુત અભ્યાસ અને ઉપકરણ અંગેની જરૂરી માહિતી અને સૂચનાઓ આપી તેમની પાસેથી પ્રતિચારો મેળવ્યા.

## માહિતીનું વિશ્લેષણ

પ્રસ્તુત અભ્યાસમાં ખરેખર પ્રાપ્ત થયેલ નમૂનાના આધારે ગુણાંકન કર્યા બાદ વિભાગીકરણ કરવામાં આવ્યું. માહિતીના વિશ્લેષણ માટે નીચે પ્રમાણેના ચલો આધારિત વિભાગો પાડવામાં આવ્યા હતા તે વિભાગો અનુસાર પ્રાપ્ત પ્રાપ્તાંકોનું SPSS કમ્પ્યૂટર પ્રોગ્રામ વડે વિશ્લેષણ કરવામાં આવ્યું.

૧. સમગ્ર નમૂના સંદર્ભે વિશ્લેષણ

૨. જાતીયતા સંદર્ભે વિશ્લેષણ

૩. વિસ્તાર સંદર્ભે વિશ્લેષણ

૪. અનુભવ સંદર્ભે વિશ્લેષણ

૫. શાળાના પ્રકાર સંદર્ભે વિશ્લેષણ

૬. શિક્ષકોની શૈક્ષણિક લાયકાતના સંદર્ભે વિશ્લેષણ

૭. ઉપરોક્ત તમામ ચલોના સંદર્ભે પ્રાથમિક અને માધ્યમિક શાળાઓનું તુલનાત્મક વિશ્લેષણ

પ્રાપ્ત માહિતીનું આંકડાશાસ્ત્રીય પદ્ધતિઓમાં સંખ્યાત્મક રીતે વિશ્લેષણ કરવામાં આવ્યું. વ્યાવસાયિકતા માપદંડ પર શિક્ષકોએ મેળવેલ પ્રાપ્તાંકોના વિશ્લેષણ માટે સરાસરી, પ્રમાણવિચલન, કકુદતા, વિરૂપતા, આવૃત્તિ બહુકોણ, ક્રાંતિક ગુણોત્તર અને એફ–ગુણોત્તર જેવી અંકશાસ્ત્રીય ગણતરીઓ કરવામાં આવી હતી.

## પરિણામો

પ્રસ્તુત અભ્યાસમાં ઉપકરણ પરના પ્રાપ્તાંક સ્વરૂપે એકત્રીકૃત માહિતીના પૃથકકરણને અંતે નીચે મુજબના પરિણામો ઉપલબ્ધ થયા. અભ્યાસના હેતુઓના અનુસંધાને રચાયેલી ઉત્કલ્પનાઓના સ્વીકાર કે અસ્વીકાર સ્વરૂપે આ પરિણામો રજૂ કરવામાં આવ્યા છે.

૧. સમગ્ર નમૂનાનું પરિણામ

૨. જુદા જુદા ચલોના સંદર્ભે તફાવત

### ૧. સમગ્ર નમૂનાનું પરિણામ

સમગ્ર નમૂનાના શિક્ષકોના વ્યાવસાયિકતા માપદંડનો સરેરાશાંક ૧૯૧.૪૯ મળ્યો હતો. કુલ ૩૧૨ ગુણના વ્યાવસાયિકતા માપદંડ પરનો આ સરેરાશાંક દર્શાવતો હતો કે વ્યાવસાયિકતા પ્રત્યે શિક્ષકોનું વલણ તટસ્થને બદલે હકારાત્મક તરફી હતું.

### ૨. જુદા જુદા ચલોના સંદર્ભે તફાવત

૧. પ્રાથમિક અને માધ્યમિક શાળાના શિક્ષકોની વ્યાવસાયિકતા અંગેના તફાવતને ચકાસતી શૂન્ય ઉત્કલ્પનાની ચકાસણીમાં t–ગુણોત્તરનું મૂલ્ય ૦.૭૧૨ મળ્યું હતું, જે ૦.૦૫ કક્ષાએ સાર્થક ન હતું. આથી આ ઉત્કલ્પનાનો અસ્વીકાર થયો ન હતો.

૨. પ્રાથમિક શાળાના શિક્ષકોની વ્યાવસાયિકતામાં જાતીયતા અંગેના તફાવતને ચકાસતી શૂન્ય ઉત્કલ્પનાની ચકાસણીમાં t–ગુણોત્તરનું મૂલ્ય ૦.૯૦૫ મળ્યું હતું, જે ૦.૦૫ કક્ષાએ સાર્થક ન હતું. આથી આ ઉત્કલ્પનાનો અસ્વીકાર થયો ન હતો.

૩. માધ્યમિક શાળાના શિક્ષકોની વ્યાવસાયિકતામાં જાતીયતા અંગેના તફાવતને ચકાસતી શૂન્ય ઉત્કલ્પનાની ચકાસણીમાં t–ગુણોત્તરનું મૂલ્ય ૧.૫૧૩ મળ્યું હતું, જે

૦.૦૫ કક્ષાએ સાર્થક ન હતું. આથી આ ઉત્કલ્પનાનો અસ્વીકાર થયો ન હતો.

૪. પ્રાથમિક અને માધ્યમિક શાળાના શિક્ષકોની વ્યાવસાયિકતામાં જાતીયતા અંગેના તફાવતને ચકાસતી શૂન્ય ઉત્કલ્પનાની ચકાસણીમાં પ્રાથમિક અને માધ્યમિક શાળાના પુરુષ શિક્ષકો માટેના t–ગુણોત્તરનું મૂલ્ય ૦.૪૭૮ અને સ્ત્રી શિક્ષકો માટેના t–ગુણોત્તરનું મૂલ્ય ૦.૩૨૬ મળ્યું હતું, જે ૦.૦૫ કક્ષાએ સાર્થક ન હતું. આથી આ ઉત્કલ્પનાનો અસ્વીકાર થયો ન હતો.

૫. પ્રાથમિક શાળાના શિક્ષકોની વ્યાવસાયિકતામાં શાળાના વિસ્તાર અંગેના તફાવતને ચકાસતી શૂન્ય ઉત્કલ્પનાની ચકાસણીમાં t–ગુણોત્તરનું મૂલ્ય ૨.૫૮૫ મળ્યું હતું, જે ૦.૦૧ કક્ષાએ સાર્થક હતું. આથી આ ઉત્કલ્પનાનો અસ્વીકાર થયો હતો.

૬. માધ્યમિક શાળાના શિક્ષકોની વ્યાવસાયિકતામાં શાળાના વિસ્તાર અંગેના તફાવતને ચકાસતી શૂન્ય ઉત્કલ્પનાની ચકાસણીમાં t–ગુણોત્તરનું મૂલ્ય ૦.૦૩૮ મળ્યું હતું, જે ૦.૦૫ કક્ષાએ સાર્થક ન હતું. આથી આ ઉત્કલ્પનાનો અસ્વીકાર થયો ન હતો.

૭. પ્રાથમિક અને માધ્યમિક શાળાના શિક્ષકોની વ્યાવસાયિકતામાં શાળાના વિસ્તાર અંગેના તફાવતને ચકાસતી શૂન્ય ઉત્કલ્પનાની ચકાસણીમાં શહેરી વિસ્તારની પ્રાથમિક અને માધ્યમિક શાળાના શિક્ષકો માટેના t–ગુણોત્તરનું મૂલ્ય ૧.૯૬૪ મળ્યું હતું, જે ૦.૦૫ કક્ષાએ સાર્થક હતું. જયારે ગ્રામ્ય વિસ્તારની પ્રાથમિક અને માધ્યમિક શાળાના શિક્ષકો માટેના t–ગુણોત્તરનું મૂલ્ય ૦.૯૫૪ મળ્યું હતું, જે ૦.૦૫ કક્ષાએ સાર્થક ન હતું. આથી આ ઉત્કલ્પનાનો આંશિક અસ્વીકાર થયો હતો.

૮. પ્રાથમિક શાળાના શિક્ષકોની વ્યાવસાયિકતામાં શૈક્ષણિક અનુભવના તફાવતને ચકાસતી શૂન્ય ઉત્કલ્પનાની ચકાસણીમાં t–ગુણોત્તરનું મૂલ્ય ૦.૭૩૧ મળ્યું હતું, જે ૦.૦૫ કક્ષાએ સાર્થક ન હતું. આથી આ ઉત્કલ્પનાનો અસ્વીકાર થયો ન હતો.

૯. માધ્યમિક શાળાના શિક્ષકોની વ્યાવસાયિકતામાં શૈક્ષણિક અનુભવના તફાવતને ચકાસતી શૂન્ય ઉત્કલ્પનાની ચકાસણીમાં t–ગુણોત્તરનું મૂલ્ય ૧.૬૧૬ મળ્યું હતું, જે ૦.૦૫ કક્ષાએ સાર્થક ન હતું. આથી આ ઉત્કલ્પનાનો અસ્વીકાર થયો ન હતો.

૧૦. પ્રાથમિક અને માધ્યમિક શાળાના શિક્ષકોની વ્યાવસાયિકતામાં શૈક્ષણિક અનુભવના તફાવતને ચકાસતી શૂન્ય ઉત્કલ્પનાની

ચકાસણીમાં દસ વર્ષ સુધીનો શૈક્ષણિક અનુભવ ધરાવતા પ્રાથમિક અને માધ્યમિક શાળાના શિક્ષકોના t–ગુણોત્તરનું મૂલ્ય ૧.૬૬૨ મળ્યું હતું, જે ૦.૦૫ કક્ષાએ સાર્થક ન હતું. દસ વર્ષથી વધુ શૈક્ષણિક અનુભવ ધરાવતા પ્રાથમિક અને માધ્યમિક શાળાના શિક્ષકો માટેના t–ગુણોત્તરનું મૂલ્ય ૦.૭૬૧ મળ્યું હતું, જે ૦.૦૫ કક્ષાએ સાર્થક ન હતું. આથી આ ઉત્કલ્પનાનો અસ્વીકાર થયો ન હતો.

૧૧. પ્રાથમિક શાળાના શિક્ષકોની વ્યાવસાયિકતામાં શાળાના પ્રકારના તફાવતને ચકાસતી શૂન્ય ઉત્કલ્પનાની ચકાસણી અંતર્ગત t–ગુણોત્તરનું મૂલ્ય ૨.૧૬૦ મળ્યું હતું, જે ૦.૦૫ કક્ષાએ સાર્થક હતું. આથી આ ઉત્કલ્પનાનો અસ્વીકાર થયો હતો.

૧૨. માધ્યમિક શાળાના શિક્ષકોની વ્યાવસાયિકતામાં શાળાના પ્રકારના તફાવતને ચકાસતી શૂન્ય ઉત્કલ્પનાની ચકાસણી અંતર્ગત t–ગુણોત્તરનું મૂલ્ય ૨.૮૧૫ મળ્યું હતું, જે ૦.૦૧ કક્ષાએ સાર્થક હતું. આથી આ ઉત્કલ્પનાનો અસ્વીકાર થયો હતો.

૧૩. પ્રાથમિક અને માધ્યમિક શાળાના શિક્ષકોની વ્યાવસાયિકતામાં શાળાના પ્રકારના તફાવતને ચકાસતી શૂન્ય ઉત્કલ્પનાની ચકાસણી અંતર્ગત અનુદાનિત પ્રાથમિક અને માધ્યમિક શાળાના શિક્ષકોના t–ગુણોત્તરનું મૂલ્ય ૧.૭૭૮ મળ્યું હતું, જે ૦.૦૫ કક્ષાએ સાર્થક ન હતું. જ્યારે ખાનગી પ્રાથમિક અને માધ્યમિક શાળાના શિક્ષકોના t–ગુણોત્તરનું મૂલ્ય ૩.૦૯૭ મળ્યું હતું, જે ૦.૦૧ કક્ષાએ સાર્થક હતું. આથી આ ઉત્કલ્પનાનો આંશિક અસ્વીકાર થયો હતો.

૧૪. પ્રાથમિક શાળાના શિક્ષકોની વ્યાવસાયિકતામાં શૈક્ષણિક લાયકાતના તફાવતને ચકાસતી શૂન્ય ઉત્કલ્પનાની ચકાસણી અંતર્ગત ઉપલબ્ધ F–ગુણોત્તરનું મૂલ્ય ૦.૮૯૪ મળ્યું હતું, જે ૦.૦૫ કક્ષાએ સાર્થક ન હતું. આથી આ ઉત્કલ્પનાનો અસ્વીકાર થયો ન હતો.

૧૫. માધ્યમિક શાળાના શિક્ષકોની વ્યાવસાયિકતામાં શૈક્ષણિક લાયકાતના તફાવતને ચકાસતી શૂન્ય ઉત્કલ્પનાની ચકાસણી અંતર્ગત ઉપલબ્ધ F–ગુણોત્તરનું મૂલ્ય ૧.૪૦૪ મળ્યું હતું, જે ૦.૦૫ કક્ષાએ સાર્થક ન હતું. આથી આ ઉત્કલ્પનાનો અસ્વીકાર થયો ન હતો.

૧૬. પ્રાથમિક અને માધ્યમિક શાળાના શિક્ષકોની વ્યાવસાયિકતામાં શૈક્ષણિક લાયકાતના તફાવતને ચકાસતી શૂન્ય ઉત્કલ્પનાની ચકાસણી અંતર્ગત પી.ટી.સી. થયેલા પ્રાથમિક અને માધ્યમિક શાળાના શિક્ષકો માટે

t–ગુણોત્તરનું મૂલ્ય ૧.૪૨૮ મળ્યું હતું, જે ૦.૦૫ કક્ષાએ સાર્થક ન હતું. બી.એડ્. કે તેથી વધુ શૈક્ષણિક લાયકાત ધરાવતા પ્રાથમિક અને માધ્યમિક શાળાના શિક્ષકો માટેના ઉપલબ્ધ t–ગુણોત્તરનું મૂલ્ય ૧.૦૯૨ મળ્યું હતું, જે ૦.૦૫ કક્ષાએ સાર્થક ન હતું. બિનતાલીમી પ્રાથમિક અને માધ્યમિક શાળાના શિક્ષકો માટેના ઉપલબ્ધ t–ગુણોત્તરનું મૂલ્ય ૦.૮૭૮ હતું, જે ૦.૦૫ કક્ષાએ સાર્થક ન હતું. આથી આ ઉત્કલ્પનાનો અસ્વીકાર થયો ન હતો.

**તારણો**

૧. ભાવનગર જિલ્લાની પ્રાથમિક અને માધ્યમિક શાળાના શિક્ષકોમાં વ્યાવસાયિકતા સારા પ્રમાણમાં જોવા મળી હતી.

૨. પ્રાથમિક અને માધ્યમિક શાળાના શિક્ષકોની વ્યાવસાયિકતા વચ્ચે સાર્થક સંબંધ ન હતો.

૩. પ્રાથમિક શાળાના શિક્ષકોની વ્યાવસાયિકતા અને તેમની જાતીયતા વચ્ચે સાર્થક સંબંધ ન હતો.

૪. માધ્યમિક શાળાના શિક્ષકોની વ્યાવસાયિકતા અને તેમની જાતીયતા વચ્ચે સાર્થક સંબંધ ન હતો.

૫. પ્રાથમિક અને માધ્યમિક શાળાના પુરુષ શિક્ષકોની વ્યાવસાયિકતા વચ્ચે સાર્થક સંબંધ ન હતો.

૬. પ્રાથમિક અને માધ્યમિક શાળાના સ્ત્રી શિક્ષકોની વ્યાવસાયિકતા વચ્ચે સાર્થક સંબંધ ન હતો.

૭. પ્રાથમિક શાળાના શિક્ષકોની વ્યાવસાયિકતા અને શાળાના વિસ્તાર વચ્ચે સાર્થક સંબંધ હતો. જેમાં શહેરી વિસ્તારની પ્રાથમિક શાળામાં કાર્યરત શિક્ષકોમાં વ્યાવસાયિકતાનું પ્રમાણ વધુ જોવા મળ્યું હતું.

૮. માધ્યમિક શાળાના શિક્ષકોની વ્યાવસાયિકતા અને તેમની શાળાના વિસ્તાર વચ્ચે સાર્થક સંબંધ ન હતો.

૯. શહેરી વિસ્તારની પ્રાથમિક અને માધ્યમિક શાળાના શિક્ષકોની વ્યાવસાયિકતા વચ્ચે સાર્થક સંબંધ હતો. જેમાં પ્રાથમિક શાળાના શિક્ષકોમાં વ્યાવસાયિકતાનું પ્રમાણ ઊંચું જોવા મળ્યું હતું.

૧૦. ગ્રામ્ય વિસ્તારની પ્રાથમિક અને માધ્યમિક શાળાના શિક્ષકોની વ્યાવસાયિકતા વચ્ચે સાર્થક સંબંધ ન હતો.

૧૧. પ્રાથમિક શાળાના શિક્ષકોની વ્યાવસાયિકતા અને શિક્ષકોના શૈક્ષણિક અનુભવ વચ્ચે સાર્થક સંબંધ ન હતો.

૧૨. માધ્યમિક શાળાના શિક્ષકોની વ્યાવસાયિકતા અને શિક્ષકોના શૈક્ષણિક અનુભવ વચ્ચે સાર્થક સંબંધ ન હતો.

૧૩. દસ વર્ષ સુધીનો શૈક્ષણિક અનુભવ ધરાવતા પ્રાથમિક અને માધ્યમિક શાળાના શિક્ષકોની વ્યાવસાયિકતા વચ્ચે સાર્થક સંબંધ ન હતો.

૧૪. દસ વર્ષથી વધુ શૈક્ષણિક અનુભવ ધરાવતા પ્રાથમિક અને માધ્યમિક શાળાના શિક્ષકોની વ્યાવસાયિકતા વચ્ચે સાર્થક સંબંધ ન હતો.

૧૫. પ્રાથમિક શાળાના શિક્ષકોની વ્યાવસાયિકતા અને શાળાના પ્રકાર વચ્ચે સાર્થક સંબંધ હતો. જેમાં ખાનગી શાળામાં કાર્યરત શિક્ષકોમાં વ્યાવસાયિકતાનું પ્રમાણ વધુ જોવા મળ્યું હતું.

૧૬. માધ્યમિક શાળાના શિક્ષકોની વ્યાવસાયિકતા અને શાળાના પ્રકાર વચ્ચે સાર્થક સંબંધ હતો. જેમાં સરકારી કે અનુદાનિત શાળામાં કાર્યરત શિક્ષકોમાં વ્યાવસાયિકતાનું પ્રમાણ ઊંચું જોવા મળ્યું હતું.

૧૭. સરકારી કે અનુદાનિત પ્રાથમિક અને માધ્યમિક શાળાના શિક્ષકોની વ્યાવસાયિકતા વચ્ચે સાર્થક સંબંધ ન હતો.

૧૮. ખાનગી પ્રાથમિક અને માધ્યમિક શાળામાં કાર્યરત શિક્ષકોની વ્યાવસાયિકતા વચ્ચે સાર્થક સંબંધ હતો. જેમાં પ્રાથમિક શાળાના શિક્ષકોમાં વ્યાવસાયિકતાનું પ્રમાણ વધુ જોવા મળ્યું હતું.

૧૯. પ્રાથમિક શાળાના શિક્ષકોની વ્યાવસાયિકતા અને તેમની શૈક્ષણિક લાયકાત વચ્ચે સાર્થક સંબંધ ન હતો.

૨૦. માધ્યમિક શાળાના શિક્ષકોની વ્યાવસાયિકતા અને તેમની શૈક્ષણિક લાયકાત વચ્ચે સાર્થક સંબંધ ન હતો.

૨૧. પી.ટી.સી. થયેલા પ્રાથમિક અને માધ્યમિક શાળાના શિક્ષકોની વ્યાવસાયિકતા વચ્ચે સાર્થક સંબંધ ન હતો.

૨૨. બી.એડ્. કે તેથી વધુ શૈક્ષણિક લાયકાત ધરાવતા પ્રાથમિક અને માધ્યમિક શાળાના શિક્ષકોની વ્યાવસાયિકતા વચ્ચે સાર્થક સંબંધ ન હતો.

૨૩. પ્રાથમિક અને માધ્યમિક શાળામાં કાર્યરત બિનતાલીમી શિક્ષકોની વ્યાવસાયિકતા વચ્ચે સાર્થક સંબંધ ન હતો.

**શૈક્ષણિક ફલિતાર્થો**

અભ્યાસક પ્રસ્તુત અભ્યાસના અંતે નીચે મુજબના શૈક્ષણિક ફલિતાર્થો જણાવે છે.

૧. શિક્ષકોની વ્યાવસાયિકતા સાથે તેમની જાતીયતાને સાર્થક સંબંધ ન હતો, છતાં વ્યાવસાયિકતા માપદંડ પર પ્રાથમિક અને માધ્યમિક બંને વિભાગના સ્ત્રી શિક્ષકોના સરેરાશાંક પુરુષ શિક્ષકોના સરેરાશાંકો કરતાં થોડા વધુ જોવા મળ્યા હતા. પુરુષ

શિક્ષકોને પોતાના વ્યવસાય પ્રત્યે હકારાત્મક વલણ સાથે વ્યાવસાયિક વિકાસ અંગેના સૂચનો કે ભલામણો કરવામાં આવે તો તેમની વ્યાવસાયિકતાનું પ્રમાણ પણ ઊંચું લાવી શકાય.

૨. ખાનગી માધ્યમિક શાળાના શિક્ષકોમાં વ્યાવસાયિકતાનું પ્રમાણ સૌથી ઓછું જોવા મળ્યું હતું. આ શિક્ષકો માટે વ્યાવસાયિકતાને લગતી તાલીમ, વ્યાવસાયિક વિકાસ માટેના સેમિનાર યોજવામાં આવે તો તેમનામાં પણ ઉત્તમ વ્યાવસાયિક લક્ષણોનો વિકાસ થઈ શકે છે.

૩. પ્રાથમિક અને માધ્યમિક શાળામાં કાર્યરત બિનતાલીમી શિક્ષકોમાં પણ વ્યાવસાયિકતાનું નીચું પ્રમાણ જોવા મળ્યું હતું. આ શિક્ષકોને વ્યવસાયની સાથે જ શૈક્ષણિક લાયકાત કે વ્યાવસાયિક લાયકાત વધારવા માટેની તક અને સવલત આપવામાં આવે અથવા વખતો વખત તેમના માટે વ્યાવસાયિક તાલીમોનું આયોજન કરવામાં આવે તો તેમની વ્યાવસાયિકતાનો વિકાસ થઈ શકે.

૪. પ્રાથમિક અને માધ્યમિક શાળાના શિક્ષકોમાં વ્યાવસાયિકતાનું પ્રમાણ ઊંચું જોવા મળ્યું હતું. છતાં વ્યાવસાયિક ગુણ–લક્ષણોના વિકાસને લગતા તજ્જ્ઞીય વ્યાખ્યાનો, સેમિનાર અને ચર્ચાના આયોજનથી શિક્ષકોની વ્યાવસાયિકતાને પણ યોગ્ય પરિમાણ સુધી લઈ જઈ શકાય.

## Reference


Ambasana, A. D. (2009). *Attitude Towards Professionalism of University Teachers*. Sanshodhan E_Journal ISSN 0975-4245, Yeas VII, Issue 1-2, August-November 2009, http://www.sanshodhan.net

Broun, R. D. (1998). A Study of Teacher's Professionalism with Reference to their Values and Qualification. *Journal of Educational Research*, VI-33, November 4, pp. 127-132.

Clerk, Michael (1990). A Study of Impact of Political, Sociological and Economic matters over the Professionalism of Colmbian School Teachers'. Paper presented in annual summit. Colmbia Uni. http://www.colmbia.ed. tx

Henry Brooks (1998). Student Teaching Handbook. http://www.education. richmond.edu./../handbook.pdf

Jerry, Cook (2000). A Study of Professionalism of B-school Teachers. *Journal of Education Policy.* Vol. 16, Issue-2, pp. 38-49.

ઠાકર, મ. જ. (૧૯૯૫). *સૌરાષ્ટ્રની માધ્યમિક શાળાના આચાર્યોનો વ્યાવસાયિક સંતોષ.* અપ્રકાશિત શોધ નિબંધ, ભાવનગર યુનિવર્સિટી, ભાવનગર.